પોલિયોના દર્દીઓ માટે ઓપરેશન દરમિયાનના અને ઓપરેશન પછીના કાર્યક્રમો બાબતની યોજના બંધ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

ઠરાવ ક્રમાંક:-અપગ/૧૨/૨૦૧૯/૪૯૨૦૫૮/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૪/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧)સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૦૯/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૭/ન.બા.૫/છ

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-અપગ/ ૧૦૨૦૧૬/૩૦૯૧૪૨/છ-૧.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પત્ર નં.અપગ/પોલિયો ઓપરેશન યોજના/૧૯-૨૦/૪૧૩.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના તા.૨૫/૦૯/૧૯૯૮ના ઠરાવથી પોલિયોના દર્દીઓ માટે ઓપરેશન દરમિયાનના અને ઓપરેશન પછીના કાર્યક્રમો અંગેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં પોલિયો ઓપરેશન દીઠ દવા ખર્ચ વિગેરે મળીને રૂ.૨૦૦૦/-અને કેલીપર્સના રૂ.૧૫૦૦/- મળીને કુલ રૂ.૩૫૦૦/-ની સહાય ચુકવવામાં આવતી હતી.

વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરના તા.૨૧/૦૫/૨૦૧૬ના ઠરાવથી પ્રસ્તુત યોજનામાંકુલ સહાયની રકમ રૂ.૧૦૦૦૦/- કરવામાં આવેલ હતી.

ગુજરાત પોલિયો નાબુદી અભિયાન હેઠળ પોલિયોમુકત જાહેર થયેલ હોઇ હવે આ પ્રકારની યોજના ચાલુ રાખવી યોગ્ય જણાતી નથી તેમજ હાલમાં મા-અમૃતમ કાર્ડ, પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ જેવી યોજના ઉપલબ્ધ છે જેમાં રૂ.૫.૦૦ લાખ સુધી મફત સારવાર અને ઓપરેશનની સુવિધા

આપવામાં આવે છે. તેથી આ યોજના બંધ કરવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વંચાણે લીધેલ ક્રમાંક(૩) ઉપરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે પોલિયોના દર્દીઓ માટે ઓપરેશન દરમિયાનના અને ઓપરેશન પછીના કાર્યક્રમો બાબતની યોજના બંધ કરવા બાબતે મંજૂરી આપવામાં આવે છે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૬/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.